# કડી સંકુલમાં 'કમ્યૂનીટી ડે' વર્કશોપનું આયોજન







ગાંધીનગર, તા. ૧૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત, એમ.બી.પટેલ ઈંગ્લીશ મીડિયમ સેકેન્ડરી એન્ડ હાયર સ્કૂલ સેકટર-૨૩, કડી સંકુલમાં 'કમ્યૂનીટી ડે' નાં સંદર્ભમાં શનિવારે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાન શાળા સિવાય ગાંધીનગરની ચાર જુદી જુદી સરકારી શાળાનાં લગભગ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ અવસર નીતિ આયોગનાં દર્શાવ્યા મુજબ અટલ ટીંકરીંગ લેબમાં ડૉ. ભીમરાવ આંબેડકરનાં જન્મ દિવસને 'કમ્યૂનીટી ડે' તરીકે ઊજવવામાં આવે છે. આ વર્કશોપમાં અટલ ટીંકરીંગ લેબ તથા વૈજ્ઞાનિકો અને વિજ્ઞાન ટેકનોલોજીનું મહત્ત્વ તેમજ આ લેબની ઉપયોગીતા વીશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિજ્ઞાનમાં નાના-પ્રયોગો બાળકો દ્વારા કેવી રીતે સરળતાથી કરી શકાય તે શીખવવામાં આવ્યું હતું. મુખ્ય પ્રવૃત્તિ તરીકે બાળકો દ્વારા જાતે રોબોટ, બનાવી તેના દ્વારા ફુગ્ગાને ફોડવાતાં - ખૂબ જ રોમાંચક અને આનંદસભર રહ્યું. સમાજને અને જીવન ઉપયોગી એવા સામાન્ય પ્રોજેક્ટ બનાવ્યાં.

વર્કશોપનાં અંતે તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ દરેક શાળાનાં આચાર્યો તથા શિક્ષકોને આજના દિવસની યાદગીરી રૂપે આ લેબમાં જ વિદ્યાર્થીઓ દ્વારા ૩ડી પ્રિન્ટરનાં ઉપયોગથી બનાવેલ કી-ચેન આપવામાં આવ્યા હતા. યજમાન શાળા, એમ.બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલનાં આચાર્ય શ્રી અર્પિત ક્રિશ્ચયનને શિક્ષકો અને વિદ્યાર્થીઓને બિરદાવ્યા અને તેમનાં વકતવ્યમાં નીતિ આયોગનો આભાર માની દરેક વિદ્યાર્થીઓને પોતાનાં વિચારને અમલમાં મૂકવા આ લેબનો મહત્તમ ઉપયોગ કરવા આમંત્રણ આપ્યું હતું. કો-ઓર્ડીનેટર તરીકે આ જ સ્કૂલનાં શિક્ષિકા શ્રીમતી સેજલ પરમારે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું અને દરેક વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં પ્રયોગ કરવામાં રસ પડે તેવો પ્રયત્ન કર્યો. લેબ ઈન્ચાર્જ શ્રીજા મેડમ, અજયભાઈ, વૈભવભાઈ અને ઘનશ્યામભાઈએ ખૂબ જહેમતથી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## જન્મદિને વધામણી



**અશોકસિંહ ટી પરમાર**
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર



**શ્રેયા હિમાંશુ શાહ**
મો. ૮૧૪૧૦ ૨૯૪૯૧



**હયાન વિપુલ ચૌહાણ**
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક



**Keep Smiling**...કડી સર્વ નેતૃત્વ તાલીમ હેઠળ તૈયાર થયેલા કોલેજીયન યુવાનો એક સુંદર પ્રોજેક્ટ ચલાવે છે. દર શનિવારે સિવિલ હોસ્પિટલના બાળકો સાથે આનંદથી બે કલાક સમય વિતાવે છે. એમનાં ચહેરા પર સ્મિત આવે એવી વાતો રમતો કે જાદુના ખેલ સાથે એમનું દર્દ દુર કરવા પ્રયત્ન કરે છે. કોલેજના આ યુવાનો સૌને પ્રેરણાદાયી બન્યાં છે.

# એશીયન ચેસ ચેમ્પિયનશીપમાં મોક્ષ અમીત દોષીની બેવડી સિધ્ધિઓ

ગાંધીનગર,, તા. ૧૪
એશીયન ચેસ ચેમ્પીયનશીપ-૨૦૧૯ કે જે શ્રીલંકા ખાતે રમાઈ ગઈ તેમાં અન્ડર-૧૬ (ઓપન) કેટેગરીમાં મોક્ષ અમીત દોષી ચેમ્પીયન બન્યા છે. ચેમ્પીયન બનવા ઉપરાંત મોક્ષ કે જેનું હાલનું રેટીંગ ૨૨૫૬ છે તેણે આઈએમ (ઈન્ટરનેશનલ માસ્ટર)નું ત્રીજું નોર્મ પણ હાંસલ કરેલ છે. ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન માટે આ એક ગર્વની વાત છે. શ્રી ભાવેશ પટેલ (સેક્રેટરી, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) તેમજ અન્ય હોદ્દેદારોએ મોક્ષને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને ઉમેર્યું હતું કે અમે આશા રાખીએ છીએ કે તે ટૂંક સમયમાંજ "ગ્રાન્ડ માસ્ટર"ની સિધ્ધી હાંસલ કરે અને આપણા રાજ્ય તેમજ દેશનું નામ રોશન કરે. મોક્ષ ગુજરાત રાજયના ઉભરતા ચેસ ખેલાડીઓ માટેનું એક પ્રેરણા સ્ફૂરે તેવું વ્યક્તિત્વ છે.

મોક્ષની સિધ્ધિઓ વિશે:

- મોક્ષ ધોરણ-૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી છે. મોક્ષ ગુજરાત રાજયની અનેક સ્ટેટ સિલેક્શન ટુર્નામેન્ટમાં ચેમ્પીયન રહી ચૂક્યો છે.
- ચેસમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ અર્થે મોક્ષ ૨૦ કરતા પણ વધારે દેશમાં ગયેલ છે. મોક્ષ ૨૦૧૭માં સેંટ પીટસબર્ગ રાઉન્ડ રોબીન ટુર્નામેન્ટ, રશિયામાં પણ વિજેતા રહેલ છે.
- ૨૦૧૫ દિલ્હી ખાતે રમાયેલ કોમનવેલ્થ ચેસ ચેમ્પીયનશીપ (અન્ડર-૧૪) કેટેગરીમાં પણ મોક્ષ ચોથા સ્થાને રહેલ.
- મોક્ષે પ્રથમ આઈએમ (ઈન્ટરનેશનલ માસ્ટર) નોર્મ ૨૦૧૮માં બાલ્ટન ઈન્ટરનેશનલ, હંગેરી ખાતે પ્રાપ્ત કરેલ. આ ટુર્નામેન્ટમાં મોક્ષ દ્વીતીય સ્થાને રહેલ.
- બીજુ આઈએમ (ઈન્ટરનેશનલ માસ્ટર) નોર્મ ૨૦૧૮માં રીલ્ટન કપ સ્ટોલહોલ્મ, સ્વીડન ખાતે પ્રાપ્ત કરેલ.
- ત્રીજુ આઈએમ (ઈન્ટરનેશનલ માસ્ટર) નોર્મ ૨૦૧૯માં એશીયન યુથ ચેસ ચેમ્પીયનશીપ, શ્રીલંકા ખાતે પ્રાપ્ત કરેલ.



આ ટુર્નામેન્ટમાં અન્ડર-૧૬ (ઓપન) કેટેગરીમાં મોક્ષ ચેમ્પીન બનેલ છે. આ ટુર્નામેન્ટમાં કુલ ૪૫૦ જેટલા ખેલાડીઓ ૨૩ દેશોમાંથી ભાગ લેવા આવેલ. ચેમ્પીયન બનવાની સાથે જ મોક્ષ અન્ડર-૧૬ વર્લ્ડ યુથ ચેસ ચેમ્પીયનશીપ કે જે આવતા વર્ષે તુર્કી ખાતે રમાનાર છે તે માટે પસંદગી પામે છે.

મોક્ષ એક જીવતુ જાગતુ ઉદાહરણ છે કે જેણે સિધ્ધ કરી બતાવ્યું કે રમત-ગમત અને ભણતર એક સાથે થઈ શકે છે અને તેમાં પણ શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય છે. મોક્ષનું અમદાવાદ એરપોર્ટ પર ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના પ્રતિનિધિઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જનક્ષત્રિય દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ દ્વારા સન્માન સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૧૪
ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા અમદાવાદ ખાતે સરસ્વતી સન્માન સમારંભ તથા વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ હતું. તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વીર શહીદો, સમાજના દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કલ્પેશભાઈ મહારાજાએ આર્શીવચન આપ્યું હતું. મહેન્દ્રભાઈ ચૌહાણ, મુકુંદભાઈ ચૌહાણ, સંદિપભાઈ ચૌહાણે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે વાર્ષિક સભા પણ યોજાયેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉલ્લેશભાઈ, રમેશભાઈ, ઉષાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# 'શિવરંજની' દ્વારા 'ગોલ્ડન એરા' હિન્દી ફિલ્મ સંગીત કાર્યક્રમ

ગાંધીનગરમાં સંગીત અને સાંસ્કૃતિક ક્ષેત્રે, ગાંધીનગર ને ગૌરવ અપાવે એવા અનેક કલાકારો અને સંસ્થાઓ કાર્યરત છે. દરેક દ્વારા બે-ત્રણ માસની એવરેજ મુજબ યોજાતા કાર્યક્રમોની પ્રણાલી મુજબ લગભગ દર માસે કોઈને કોઈ સુંદર કાર્યક્રમ માણવાની તક મળે છે. એમાંય માર્ચ મહિનામાં બેસ્ટ ઓફ ધ બેસ્ટ પ્રોગ્રામ નો લ્હાવો મળે છે

આ મહિને શુધ્ધ સંગીત પીરસવા પંકાયેલી "શિવરંજની" સંસ્થાનો ગત વર્ષનો છેલ્લો અને સુંદર કાર્યક્રમ હાલ માણવા મળ્યો. "ગોલ્ડન એરા" નામક આ કાર્યક્રમમાં મુંબઈથી ખાસ પધારેલ કલાકાર શ્રીમતી મૃદુલા દેસાઈના કંઠે શમશાદબેગમ, નૂરજહાં, ગીતાદત્તજી ના ગીતોની સુંદર પ્રસ્તુતિ થઈ. ખૂબ નેચરલ એવા મૃદુલાબેનની મૃદુ રજૂઆતને પ્રેક્ષકો-શ્રોતા ઓ એ વધાવી લીધી. સભ્યશ્રીઓની માગણીને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ફરીવાર મૃદુલાબેન દેસાઈને આમંત્રિત કરાયા હતા. મેઈલ વોઈસ તરીકે એમને સાથ આપનારા શ્રી નીરજ પાઠક હવે ગુજરાત અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ જ જાણીતું અને માનીતું નામ કહી શકાય. એક વર્સેટાઈલ સિંગર તરીકે શ્રી નીરજ ભાઈને શ્રોતાઓ તરફથી ખૂબ પ્રેમ અને સન્માન સાંપડ્યા છે અને આ ઉપરાંત આ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવનાર હતી કવિ-લેખક શ્રી રઈશ મણિયારની ઉપસ્થિતિ એમની માહિતી અને રમૂજ સભર વાતો એ ગીતોના મોતીઓની સુંદર ગુથ્થા હતા અને મજેદાર રસ સભર માહોલ નિર્માણ પામ્યું હતું આવા તમામ ધુરંધર, ઊંચા ગજાના કલાકારોની ઉપસ્થિતી થી વર્ષો મંચ શોભી ઊઠ્યો હતો.

મેરે બચપન કે સાથી હમે ભુલ ન જાના .... ગીતની રમતિયાળ પ્રસ્તુતિ મૃદુલાબેન અને નીરજભાઈની સંગતિમાં થઈ જેમાં પ્રેક્ષકોએ ખૂબ આનંદ માણ્યો.

૧૯૪૭ની ફિલ્મ "દર્દ" જેમાં નૌશાદ સાહેબના સંગીત નિર્દેશનમાં ઉમાદેવી દ્વારા ગવાયેલ ગીત "અફસાના લિખ રહી હું......" ની પ્રસ્તુતિ મૃદુલાબેનની સ્વર ભાવસભર રજૂઆત થી દીપી ઉઠી....

શૈલેન્દ્રના શબ્દો થી મઢાયેલું ફિલ્મ "દૂર ગગન કી છાવ મેં " નું લોકપ્રિય ગીત "કોઈ લૌટા દે મેરે બીતે હુએ દિન...." ની પ્રસ્તુતિ થઈ... રહીશ મણિયારજી ના શબ્દો આ ગીતોને સૂરીલો ઝુરાખે કહી બિરદાવ્યું

"બાવરે નયન" ફિલ્મના યુગલ ગીત "ખ્યાલો મે કીસી કે ઈસ તરહ..."ની મધુર પ્રસ્તુતિએ રાજ કપૂરજીની યાદ તાજી કરાવી દીધી. ત્યારબાદ ગીતોની મડેલી 'મહાગઠબંધન' ની પ્રસ્તુતિ થઈ જેમાં ૧૯૫૪ની "શર્ત" ફિલ્મનું " ન યે ચાંદ હોગા ન તારે રહેંગે... તુમ અપના રંજો ગમ, અપની પરેશાની મુજે દે દો, નૈન સોનૈન નહિ મિલાવ જેવા મજાના ગીતોની સૂરીલી રજૂઆત માણવા મળી. "સરદારી બેગમ" ફિલ્મનું વનરાજ ભાટિયા ના સંગીત મઢ્યું ગીત " મેરે કાન્હા જો આયે પલટ, અબકે હોરી મૈં ખેલુંગી કટકેની..." ની નખરાળી પ્રસ્તુતિ પ્રેક્ષકો દ્વારા પસંદગી પામી. વારંવાર સાંભળવા મળતું સંગીત પ્રેમીઓને હૃદયસ્થ એવું " દુર ગગન કી છાવ મેં " ફિલ્મનું "આ ચલ કે તુજે મૈં લેકે ચલુ.... એક ઐસે...." ગીત શ્રી નીરજ પાઠક દ્વારા પ્રસ્તુત થયું. આ ગીતમાં ખાસ ઉલ્લેખનીય છે કે તે કિશોરકુમાર દ્વારા લિખિત અને સંગીતબધ્ધ કરાયેલું છે. ૬૦-૭૦નો દાયકો એ નવા સંગીતકારોના ઉદયનો સમય હતો એમાં હતા સ્નેહલ ભાટકર. જેમના સંગીત નિર્દેશનમાં મુબારક બેગમે ગાયેલું "હમારી યાદ આયેગી" ફિલ્મનું ટાઈટલ સોંગ મૃદુલાબેન દેસાઈના સ્વરમાં આબેહૂબ રીતે પ્રસ્તુત થયું. ત્યારબાદ ૧૯૫૧માં આવેલી ફિલ્મ " આવારા " નું " એક દો તીન આજા મોસમ હે રંગીન..." ગીતની પ્રસ્તુતિ શ્રોતાઓની વાહ-વાઈ મેળવી ગયુ. અનમોલ ઘડી" ફિલ્મનું "આવાઝ દે કહાં હૈ...." સુંદર રજૂઆત બાદ શૈલેન્દ્રના જાણીતા ગીતો પૈકીનું "અનાડી" ફિલ્મનું "કિસી કી મુસ્કુરાહટો..." નીરજ ભાઈ ના સ્વરમાં પ્રસ્તુત થયું ત્યારે પ્રેક્ષકો ડોલી ઉઠ્યા હતાં. આશાજી - મહેન્દ્ર કપૂર - મન્નાડે ના સ્વરમાં સ્વરબધ્ધ થયેલું "નવરંગ" ફિલ્મનું "આધા હૈ ચંદ્રમા રાત આધી...." ની રજૂઆત બાદ દિલીપકુમારની લોકપ્રિય ફિલ્મ "બૈજુ બાવરા" નું યુગલગીત " મિલતે હી આંખે દિલ હુઆ...." અને ફિલ્મ "મુગલ-એ-આઝમ" ની પ્રચલિત કવ્વાલી " તેરી મહેફિલ મે કિસ્મત....." ની પ્રસ્તુતિ સાથે શ્રોતાગણએ " ગોલ્ડન એરા " ની યાદમાં ખોવાઈ ગયા હતા.

કી-બોર્ડ પ્લેયર પંકજ પાઠકે તલધમહેમૂદના બે ગીતોને પોતાના સ્વરમાં રજૂ કર્યા હતા. જેણે પ્રેક્ષકોની ખૂબ દાદ મેળવી હતી. જેમાં ફિલ્મ " સુજાતા " નું " જલતે હૈ જિસકે લિયે....." પણ સામેલ હતું.

નુરજહાં દ્વારા ગવાયેલું " જવા હે મોહબ્બત હસી હે જમાના...", "કાગઝ કે ફૂલ" ફિલ્મનું " વકત ને કિયા ક્યા હસી સિતમ..." ની રજૂઆત થઈ હતી. ૧૯૭૦ માં રજુ થયેલી "પ્રેમપૂજારી" ફિલ્મનું નિરજના દ્વારા રચિત સૌનું માનીતું ગીત " ફૂલો કે રંગ સે..."ની હૃદયસ્પર્શી રજૂઆત શ્રી નીરજ પાઠકના કંઠે કરવામાં આવી. મુબારકબેગમનું ગીત " મુજ કો અપને ગલે લગા લો..." બાદ ૩ (ત્રણ) સુંદર ગીતોની મેડલીની રજૂઆત થઈ. જેમાં " શોલા જો ભડકે દિલ મેરા ધડકે...", " ગોરે ગોરે ઓ બાંકે છોરે " અને " મેરા નામ ચિન-મીન-ચું" સ્થાન પામ્યા હતા. સી. રામચંદ્રના મ્યુઝિકથી સજેલું, " પતંગા " ફિલ્મનું "મેરે પિયા ગયે રંગૂન...."ની હાવભાવ સભર રજૂઆત પ્રેક્ષકોને મોહમાં પાડનારી બની રહી.

ગીતા દત્તજીનું "મેરા સુંદર સપના બીત ગયા...." " મેરે જાન, મુજે જાં ન કહા હો મેરી જાન...." સી.આઈ.ડી. ફિલ્મનું "લેકે પહેલા પહેલા પ્યાર....", ફરીદા ખાનુમનું " આજ જાને કી જીદ ના કરો...", સાહેબ બીબી ઓર ગુલામનું " ન જાવો સૈંયા ચુરા કે બૈંયા..." ઉપરાંત હાફ ટિકિટ ફિલ્મનું ગીત " કિસી દિલ પર..." જેમાં કિશોરકુમાર દ્વારા સ્ત્રી-પુરુષ બંને નો અવાજ આપવામાં આવ્યો છે એની અદભુત રજૂઆત શ્રી નીરજ પાઠક દ્વારા થઈ જેને શ્રોતાએ ખૂબ તાળીઓથી વધાવી હતી. કાર્યક્રમના અંતિમ ભાગમાં મધર ઈન્ડિયા ફિલ્મનું " ગાડી વાલે ગાડી ધીરે હાંકરે..." અને "તું મેરા ચાંદ મે તેરી ચાંદની" ઉપરાંત "ધમાધમ મસ્ત કલંદર"ની ધમાકેદાર રજૂઆત સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

કાર્યક્રમ શ્રોતાઓએ ખુબ માણ્યો અને વખાણ્યો હતો અને નવા વર્ષે આવા સુંદર કાર્યક્રમો ની અપેક્ષા વ્યક્ત કરી હતી.

- મમતા રાવલ




# ગાંધીજી અને ગોખલે

(ચોથો મણકો)

કાલિ માતાને નિમિત્તે થતો વિકરાળ યજ્ઞ જોઈને બંગાળી જીવન જાણવાની મારી ઈચ્છા વધી. બ્રહ્મસમાજને વિષે તો ઠી ઠીક વાંચ્યું-સાંભળ્યું હતું. પ્રતાપચંદ્ર મજમુદારનું જીવન વૃત્તાંત થોડું જાણતો હતો. તેમનાં વ્યાખ્યાનો સાંભળવા ગયો હતો. તેમનું લખેલ કેશવચંદ્ર સેનનું જીવનવૃત્તાંત મેળવ્યું અને અતિ રસપૂર્વક વાંચી ગયો. સાધારણ બ્રહ્મ સમાજ અને આદિ બ્રહ્મ સમાજનો ભેદ જાણ્યો. પંડિત શિવનાથ શાસ્ત્રીના દર્શન કર્યા. મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરનાં દર્શન કરવા પ્રો. કાથવટે અને હું ગયા. પણ તેઓ તે વેળા કોઈને મળતા નહોતા, તેથી તેમનાં દર્શન ન થઈ શક્યાં. પણ તેમને ત્યાં બ્રહ્મસમાજનો ઉત્સવ હતો તેમાં જવા અમને નોતરેલા તેથી અમે ગયા હતા, ને ત્યાં ઊંચા પ્રકારનું બંગાળી સંગીત સાંભળવા પામ્યા. ત્યારથી જ બંગાળી સંગીત ઉપરનો મારો મોહ જામ્યો.




બ્રહ્મ સમાજનું બની શકે તેટલું નિરીક્ષણ કર્યા પછી સ્વામી વિવેકાનંદનાં દર્શન ન કરું એમ તો બને જ કેમ? અતિ ઉત્સાહ પૂર્વક હું બેલૂર મઠ લગી ઘણે ભાગે ચાલીને ગયો. પૂરો ચાલ્યો કે અરધો, એ મને અત્યારે યાદ નથી. મઠનું એકાંત સ્થાન મને ગમ્યું. સ્વામીજી બીમાર છે, તેમને મળાય એમ નથી, અને એઓ પોતાને કલકત્તાને ઘેર છે એમ ખબર સાંભળી નિરાશ થયો. ભગિની નિવેદિતાના રહેઠણના ખબર મેળવ્યા. ચોરંઘીના એક મહેલમાં તેમના દર્શન પામ્યો. તેમના દમામથી હું હેબતાઈ ગયો. વાતચીતમાં પણ અમારો બહુ મેળ ન જામ્યો. મેં આ વાત ગોખલે ને કરેલી. તેમણે કહ્યું : 'એ બાઈ બહુ તેજ છે, એટલે તમરો મેળ ન મળે એ હું સમજું છું.'

ફરી એક વાર તેમનો મેળાપ મને પેસ્તનજી પાદશાહને ઘેર થયેલો. પેસ્તનજીનાં વૃદ્ધ માતાને તે ઉપદેશ આપતાં હતાં, તેવામાં હું તેમને ત્યાં જઈ પહોંચેલો. એટલે હું તેમની વચ્ચે દુભાષિયો બન્યો હતો. ભગિનીનો હુંદુ ધર્મ પ્રત્યેનો પ્રેમ ઊભરાઈ જતો હતો એટલું તો, હું અમારો મેળ ન મળતાં છતાં, જોઈ શક્યો હતો. તેમના પુસ્તકોનો પરિચય પાછળથી કર્યો.

દિવસના મેં વિભાગ પાડ્યા હતા.એક ભાગ દક્ષિણ અફ્રિકાના કામને અંગે કોલકત્તામાં રહેતા આગેવાનોને મળવામાં ગાળતો, ને એક ભાગ કલકત્તાની ધાર્મિક સંસ્થાઓ અને બીજી જાહેર સંસ્થાઓ જોવામાં. એક દિવસ મેં, બોઅર લડાઈમાં હિંદી સારવાર-ટુકડીએ જે કામ કર્યું હતું, તેઉપર દા. મલિકના પ્રમુખ પણા હેઠળ ભાષણ આપ્યું. 'ઈંગ્લીશમૅન' સાથેનો મારો પરિચય આ વખતે પણ બહુ મદદગાર નીવડ્યો. મિ. સૉન્ડર્સ આ વેળા બિમાર રહેતા. પણ તેમની મદદ તો ૧૮૯૬ની સાલમાં મળેલી તેટલી જ મળી. આ ભાષણ ગોખલે ને ગમ્યું હતું. અને જ્યારે દા. રૉયે મારા ભાષણનાં વખાણ કર્યાં ત્યારે તે બહુ રાજી થયા.

આમ ગોખલેની છાયા નીચે રહેવાથી બંગાળમાં મારું કામ બહુ સરસ થઈ પડ્યું. બંગાળના અગ્રગણ્ય કુટુંબોની માહિતી હું સહેજે પામ્યો ને બંગાળ સાથે મારે નિકટ સંબંધ થયો. આ ચિરસ્મરણીય માસનાં ઘણાં સ્મરણો મારે છોડવા પડશે. તે માસમાં હું બ્રહ્મદેશ પણ ડૂબકી મારી આવ્યો હતો. ત્યાંના ફૂંગીઓની મુલાકાત કરી. તેમના આળસથી દુઃખી થયો. સુવર્ણ પૅગોડાના દર્શન કર્યાં. મંદિરમાં અસંખ્ય નાની મીણબત્તીઓ બળતી હતી તે ન ગમી. મંદિરના ગર્ભગૃહમાં ઉંદરોને ફરતા જોઈ સ્વામી દયાનંદનો અનુભવ યાદ આવ્યો. બ્રહ્મદેશની મહિલાઓની સ્વતંત્રતા, તેમનો ઉત્સાહ, ને ત્યાંના પુરુષોની મંદતા જોઈ મહિલાઓ ઉપર મોહ પામ્યો ને પુરુષોને વિષે દુઃખ થયું. (ક્રમશઃ)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર